23 MAR 2019

(Code : 8828)

# B.Ed. (Sem - I) Examination

## COURSE NO- EPC-1 - READING AND REFLECTING ON TEXTS

**Time : 2 Hrs.** **Marks : 50**

---

સૂચના ૧. પ્રશ્નની નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. ૧૨

૧.૧ સારા વાચનનો આધાર શેના પર છે?

A. વાચન B. અર્થગ્રહણ C. શબ્દ D. વિનિમય

૧.૨ મુખવાચનમાં પાયાનું કૌશલ્ય કયું છે?

A. વિચાર વિનિમય B. વાક્ગતિ C. શબ્દ પ્રત્યભિજ્ઞાન D. રૂકાવટબિંદુ

૧.૩ કોના મતાનુસાર વાચન એ અર્થસંશોધવાની અને પ્રાપ્ત કરવાની સક્રિય પ્રક્રિયા છે?

A. રોબિન્સન B. બેટ્સ C. થોર્નડાઈક D. ડેબો

૧.૪ રોબિન્સનની પ્રતિકૃતિ–પ્રતિમાનમાં બીજુ સોપાન શું છે?

A. અર્થગ્રહણ B. પ્રતિક્રિયા C. પચન D. ઝડપ–દર

૧.૫ મૂક વાચન માટે શું બીનજરૂરી છે?

A. સમજીને વાંચવું B. હોઠ ફફડાવવા

C. વાકય પર નજર ફેરવવી D. એકાગ્રતા રાખવી

૧.૬ આદર્શ વાચનનું લક્ષણ કયું છે?

A. લીટી ઉપર આંગળી મૂકવી B. પુસ્તક વાળવું

C. મસ્તક હલાવવું D. યોગ્ય ગતિથી વાંચવું

૧.૭ ઉચ્ચાર દોષો નિવારવા શું કરવું જોઈએ?

A. અનુલેખન B. મૂકવાચન C. ઉચ્ચારોનું દૃઢીકરણ D. સતત કા.પા. લેખન

૧.૮ વાચ્યતા પર અસર કરતું મહત્વનું પરિબળ કયું છે?

A. મુખવાચન B. આકર્ષક મુખપૃષ્ઠ C. રૂકાવટ બિંદુઓ D. શબ્દભંડોળ

૧.૯ અર્થગ્રહણ એટલે શું?

A. સામાન્યીકરણ B. ધ્વનિરચના C. જોડણી ઉકેલ D. દૃશ્યવાચન

૧.૧૦ વાચકે એક મિનિટમાં વાંચેલા શબ્દોની સંખ્યા એટલે શું?

A. વાચ્યતા B. વાચનરસ C. વાચનદર D. વાચન તત્પરતા

૧.૧૧ દૃષ્ટિફલકમાં વધારો કરવા કયું સાધન મદદગાર બને?

A. મેટ્રોઆઈ B. O.H.P. C. સ્ટિરિયોપિક D. ટેચિસ્ટોસ્કોપિક

૧.૧૨ મંદ વાચનનું કારણ શું છે?

A. શબ્દોને તોડીને થતું વાચન B. શબ્દોને જોઈને થતું વાચન

C. શબ્દોને જોડીને થતું વાચન D. શબ્દોને ઉકેલીને થતું વાચન

Cont.........

www.mkbuonline.com

www.mkbuonline.com

પ્રશ્ન : ૨. નીચે A વિભાગમાં આપેલ બાબતો સામે B વિભાગમાંથી સાચો ઉત્તર શોધી યોગ્ય જોડી બનાવો. ૦૪

| | વિભાગ A | વિભાગ B |
|---|---|---|
| ૨.૧ | અનુભાવન કૌશલ્ય | A. મધ્યવર્તી વિચારગ્રહણ કરવો. |
| ૨.૨ | શબ્દભંડોળ કૌશલ્ય | B. પાના પર નજર ફેરવી શોધવું |
| ૨.૩ | તાંત્રીક કૌશલ્ય | C. ધ્વનિ સંકેત પ્રમાણે ઉચ્ચારણ |
| ૨.૪ | બોધગ્રહણ કૌશલ્ય | D. ચિત્ર દ્વારા સૌંદર્યબોધ |

પ્રશ્ન : ૩. પહેલી બે બાબતો વચ્ચેના સંબંધનું અર્થઘટન કરી, તે પ્રમાણે બાકીની બે બાબતોનો સંબંધ નિયત થાય તેમ યોગ્ય વિકલ્પ પસંદ કરો. ૦૪

૩.૧. મસ્તક ન હલવું : મુખવાચન :: મૂકવાચન : ?

A. ગણગણવું B. અવાજ કરવો. C. હોઠ ફફડવા D. શાંત ચિત્તે મનન કરવું

૩.૨ યાજ્ઞવલ્કે આપેલ પઠનના ગુણ : છ :: યાજ્ઞવલ્કે આપેલ પઠનના દોષ : ?

A. બાર B. ચૌદ C. અઢાર D. છ

૩.૩ ટેલર : વાચ્યતા નક્કી કરવાનો સિદ્ધાંત :: આંખ કૂદકા મારે છે તે સિદ્ધાંત : ?

A. જાર્વલ B. ફલેશ C. ડેલ–ચાલ D. રોબિન્સન

૩.૪ શબ્દનો અર્થ સમજી શકે : શાબ્દિક અર્થગ્રહણ કક્ષા :: લખાણો વચ્ચે તુલના કરી શકે : ?

A. અપરિચિત અર્થગ્રહણ કક્ષા B. અર્થગ્રહણની અર્થઘટનીય કક્ષા

C. અર્થગ્રહણની મૂલ્યાંકનીય કક્ષા D. શાબ્દિક અર્થગ્રહણ કક્ષા

પ્રશ્ન : ૪. નીચેના પૈકી કોઈપણ બેના, દરેકનો ૨૦૦ શબ્દોમાં ઉત્તર લખોઃ ૧૦

૪.૧ વાચ્યતાની વ્યાખ્યા આપી તેને અસર કરતા પરિબળોની ચર્ચા કરો.

૪.૨ ‘પુસ્તક પરમ મિત્ર છે’ આ વિધાન સંદર્ભે વાંચનનું મહત્વ અને ચિંતનાત્મક અભિગમ સ્પષ્ટ કરો.

૪.૩ મુખવાચન એટલે શું ? મુખવાચન અને શાંતવાચન વચ્ચે શું તફાવત છે? મુખવાચનમાં થતી મહત્વની ભૂલો જણાવો.

પ્રશ્ન : ૫. નીચેના પૈકી કોઈપણ ત્રણના, દરેકનો ૧૦૦ શબ્દોમાં ઉત્તર આપોઃ ૦૬

૫.૧ વાચનમાં રૂકાવટ બિંદુનો આધાર શેના પર છે?

૫.૨ વાચન દર શોધવાનું સૂત્ર આપી જણાવો?

૫.૩ વાચન અર્થગ્રહણનો અર્થ શો થાય છે?

૫.૪ વાચન ઝડપ એટલે શું?

૫.૫ વાચન અર્થગ્રહણ માપન માટેની ચાર કસોટીઓના નામ આપો.

પ્રશ્ન : ૬. નીચેના પૈકી કોઈપણ એકનો સમીક્ષાત્મક કે પૃથકકરણાત્મક ઉત્તર ૨૦૦ શબ્દોમાં લખોઃ ૦૪

૬.૧ વાચન તત્પર બાળક તમે કોને ગણશો? તેની સમીક્ષા કરો.

૬.૨ ‘શબ્દનો અર્થ એ વિચાર ધનનું રત્ન છે’ આ વિધાન સંદર્ભે શબ્દભંડોળનું મહત્વ જણાવો.

પ્રશ્ન : ૭. નીચેના પૈકી કોઈપણ એકનો ૫૦૦ શબ્દોમાં ઉત્તર આપોઃ ૧૦

૭.૧ વાચનની પ્રક્રિયા સમજાવવા માટે ડૉ.એચ. રોબિન્સને આપેલું પ્રતિમાન વિગતે સમજાવો.

૭.૨ વાચન અર્થગ્રહણની સંકલ્પના રજૂ કરી વિદ્યાર્થીમાં અર્થગ્રહણનો વિકાસ થયો હોય તો તે કેવા લક્ષણો ધરાવતો હોય? તે વિગતે જણાવો.

www.mkbuonline.com